બાળકો અને
નવયુવાનો માટે

# હાદી
માસિક

મોહર્રમ, હીજરી સન ૧૪૩૨,
ડીસેમ્બર - ૨૦૧૦




રૂ. 30/-

## અલ્લાહના નેક નામો

# "અલ્ - મુઝિલ્લો"

ખુદાવન્દે આલમના ઘણાં નામો અને ગુણો વર્ણવવામાં આવ્યાં છે જેમાં ઘણાં ફાયદાઓ અને ખાસિયતો પણ છે. આ ગુણો-વિશેષણો પૈકી એક વિશેષણ ''અલ-મુઝિલ્લો'' પણ છે જેના વિશે આપની સમક્ષ કેટલીક વાતો બ્યાન કરવામાં આવે છે.

**અગત્યના અર્થ :- આના કેટલાંક મહત્વના અર્થ નીચે મુજબ છે :**

૧. બળજબરી અને માથાભારે પણાને તોડી નાંખનાર

૨. આજ્ઞાંકિત અને તાબે કરનાર

૩. શાસન રાજપાટ - આધિપત્ય અને સત્તા ઝુંટવી લેનાર

### આ નામનો કુરઆનમાં ઉલ્લેખ :-

કુરઆન - મજીદમાં આ શબ્દ અનેક વખત વપરાએલ છે. દા.ત. સૂરએ યાસીનની ૭૧-૭૨ અને ૭૩મી આયતોમાં છે કે ''અવલમયરવ અન્ના ખલકના લહુમ..... (૭૩મી આયતના અંત સુધી) અર્થાત :- 'શું તેઓ નથી જોતાં કે અમે પોતાના સામર્થ્યથી જેવસ્તુઓનું સર્જન કર્યું છે તેમાં અમે તેમના માટે ચોપગાં (પશુઓ)નું પણ સર્જન કર્યું છે કે જેના તેઓ માલિક છે? અને અમોએ જ તે (પશુઓ) ને તેમના એવા આજ્ઞાધિન બનાવી દીધાં છે કે (તેઓ) તેમનામાંથી કેટલાંકની પાસેથી તો તેઓ સવારી માટેનું કામ લે છે અને તેમાંથી કેટલાંકમાંથી તેઓ


E-mail : hadimasik@yahoo.com

ભોજન પણ મેળવે છે અને તેમના માટે આ પશુઓમાં (બીજા પણ અનેક) લાભો છે અને પીવા માટેની સારી વસ્તુઓ છે છતાં શું તેઓ આભાર નહીં માને ?"

માઅસૂમીન અ.સ.ની વાણીમાં પણ અલ્લાહ તઆલાના આ ગુણનો પ્રયોગ અનેક જગ્યાએ થયેલ છે. એક જગ્યાએ એવી રીતે બ્યાન થયેલ છે કે 'અલ્લા હુમ્મા યા મુઝિલ્લા કુલ્લે જબ્બારે-વ-યા-મુઈઝ્ઝલ મોઅમેનીના-અન્તા-કહફી-હીના-તો એયી નિલ મઝાહિબ.'

**અનુવાદ :-** હે માઅબૂદ ! હે દરેક માથાભારે વ્યક્તિને પરાજિત કરનાર અને મોઅમીનોને ઈઝ્ઝત બખ્શનાર - જયારે માર્ગો (ની સચ્ચાઈ-) મને થકવી દે ત્યારે તુંજ મને રક્ષણ આપનાર છે."

## ખાસિયતો અને ફાયદાઓ :

**અલ્લાહના આ વિશેષણના ઘણા ફાયદા અને ખાસિયતો છે - તે પૈકી અમુક નીચે વર્ણવી છે :**

૧. જો કોઈ વ્યક્તિ રાત્રીના અંધકારમાં માટી (જમીન) પર સજદો કરીને સજદાની હાલતમાં જ એક હજાર વખત "યા મુઝિલ્લલ જબ્બારીના-વયામુબીરઝ્ઝાલેમીના. (અહીંયા શત્રુનું નામ લેવું) અઝિલની -ફ- ખુઝલી -મિન્હો પઢે તો ખુદા તેની દુઆ કબૂલ રાખશે."

૨. જો કોઈ વ્યક્તિ રાત્રીના અંધકારમાં માટી (જમીન) ઉપર સજદો કરીને સજદાની હાલતમાં એક હજાર વખત "ઈલાહી-આમેની-મિન (અહિંયા શત્રુનું નામ લેવું) પઢે તો ખુદાવન્દે આલમ તેને તે શત્રુથી રક્ષણ આપશે."

૩. રાત-દિવસ દરમ્યાન કોઈ પણ સમયે "યા મન ઝલ્લા-કુલ્લા-શયએ-લે-વહદાનીયતેહ. નો ૧૦૭૯ વખત વિર્દ કરવું તે બંડખોર અંતરઆત્માને કાબૂમાં લેવા માટે અને દુઆઓ કબૂલ થવાની બાબતે લાભદાયક છે."

મોહર્રમ, હીજરી સન ૧૪૩૨,
ડીસેમ્બર - ૨૦૧૦

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !　　　　અસ્સલામો અલયકુમ !

**- તલવાર ઉપર રક્તના વિજયનો મહીનો**

**- અત્યાચારોની બદનામી અને અપમાનિત થવાનો મહીનો**

આ મહીનામાં ઈસ્લામના છુપા શત્રુઓને સરકાર સૈયદુશ્શોહદા અ.સ. એ પોતાના વફાદાર સાથીઓની કુરબાની વડે કાંઈ એવી રીતે ઉઘાડા પાડી દીધા હતા કે ઈસ્લામના શત્રુઓ તે પછી ઈસ્લામનો પોશાક પહેરીને ક્યારેય ખિલાફતના સિંહાસન ઉપર બેસી શક્યા નહી. નહીં તો તે પહેલાં તો નબી સ.અ.વ.ની સુન્નતનો ઢંઢેરો પીટીને ‘હરામે મુહમ્મમદી’ ને હલાલ ઠેરવી દેવામાં આવેલ હતું.

ઈમામ હુસૈન અ.સ.ની કુરબાની ફક્ત સને ૬૧ હિજરીની સમસ્યાઓ અને તે સમયની પરિસ્થિતિને હલ કરવા માટેની નહોતી પરંતુ તે કયામત સુધી ઈસ્લામ સાથે હવે કોઈ છેડછાડ નહીં કરી શકાય તે માટેની બાંહેધરી હતી અને દરેક યુગ માટે વિજય અને પરાજયના લેખાજોખા માટેની પારાશીશી હતી. ઈમામ હુસૈન અ.સ.ની ક્રાંતિએ સમગ્ર જગતના અત્યાચાર પિડિતોને અત્યાચારીનો મુકાબલો કરવાની ન કેવળ પ્રેરણા આપી છે પરંતુ તે માટે બળ પણ પુરુ પાડ્યું છે.

ઈમામ અ.સ.નું આ કથન કે ‘‘ઈજ્જત પૂર્વકનું મૃત્યુ અપમાનિત અવસ્થાના જીવન કરતાં અનેક ગણું શ્રેષ્ઠ છે.’’ દરેક આબરૂદાર વ્યક્તિ માટે પ્રેરણાનો સ્ત્રોત છે અને અપમાનજનક પરિસ્થિતિમાં જીવન વિતાવનારાઓના મોઢે એક થપ્પડ પણ છે.

મહોર્રમનો મહીનો શોક અને માતમનો મહીનો છે, ઈબાદત અને બંદગીનો મહીનો છે. કેટલીયે વિકટ પરિસ્થિતિ કેમ ન હોય પરવરદિગારની પ્રસન્નતા (ખુશનૂદી) આપણું લક્ષ્ય હોવું જોઈએ. દરેક પરિસ્થિતિમાં જીભ ઉપર ફક્ત એકજ વાક્ય હોય : ‘‘અમો પરવરદિગારના નિર્ણય ઉપર રાજી છીએ અને તેની સામે નતમસ્તક છીએ.’’ આ આપણા માટે મોહર્રમુલ હરામનો સર્વશ્રેષ્ઠ બોધ છે.

વહાલા બાળકો ! ઈમામ હુસૈન અ.સ.ના શોકમાં કમી આવવા દેતા નહીં, તેના ઉપર જ આપણાં અસ્તિત્વનો આધાર છે. હા, પરંતુ એ હકીકત પણ નજર સમક્ષ રાખવી જરૂરી છે કે શોકનું પ્રદર્શન ફક્ત એક રિવાજ માત્ર ન બની જાય, પરંતુ એ એક મિશનના સ્વરૂપે, એક લક્ષ્યની પ્રાપ્તિ માટે હોવું જોઈએ જેથી કરીને આપણે જનાબ સૈયદા સલા.ની દુઆને પાત્ર ઠરીએ.

વસ્સલામ

بسم الله الرحمن الرحيم

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

Mukhtar Abbas Vasaya

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-**

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com




# ઈમામ હુસૈન અ.સ.ની પોકાર

**શીઅતી - મહમા શરિબ્તુમ - માઓ - અઝબિન - ફઝકોરૂની**

અર્થાત :- હે મારા શીઆઓ ! તમો જ્યારે પણ ઠંડુ પાણી પીઓ ત્યારે મારી તરસને જરૂર યાદ કરી લેજો.

**અવ સમેઅતુમ - બેગરીબિન - અવ - શહીદિન - ફનદેબૂની**

અર્થાત :- અને જ્યારે તમો કોઈ પરદેશી કે શહીદની મુસીબતો વિશે સાંભળો તો મારી બાબતમાં પણ રડી લેજો.

**ફઅના - સિબ્તુન્નબી - મિન ગયરે જુરમિન કતેલૂની**

અર્થાત :- હું નબી સ.અ.વ.નો નવાસો (દોહિત્ર) છું (અને) મને (મારા કોઈ) વાંકગુના વગર કત્લ કરવામાં આવ્યો.

**વ - બે - જર્દિલ ખયલે - બાઅદલ કત્લે અમદન સહેકૂની**

અર્થાત :- અને મારા કત્લ પછી મારી લાશને જાણી જોઈને ઘોડાઓના પગો વડે છુંદી નાખવામાં આવી.

**લયતકુમ - ફી - યવમે આશૂરા - જમીઅન - તનઝોરૂની**

અર્થાત :- જો તમે આશૂરાના દિવસે ત્યાં (કરબલામાં) હોત તો જોતાં.

**કયફા અસ્તસ્કી લેતિફલી ફઅબવ અયંચરહમૂની**

અર્થાત :- કે હું કેવી રીતે મારા નાના બાળક માટે પાણી માંગી રહ્યો હતો અને તેમણે (યઝીદી ઝાલિમોએ) મારા ઉપર દયા કરી નહીં.



# કુરઆનની જાણકારી

કુરઆન મજીદ સાથે મિત્રતા કેળવવી, નિ:શંકપણે તમામ વ્યક્તિઓના, ખાસ કરીને બાળકો અને યુવાનોના હ્દય (મન)ને પવિત્ર કરી દે છે. કારણ કે તેમનું મન દરેક પ્રકારની ગંદી બાબતોથી ખાલી હોય છે અને સારી બાબતોને સ્વીકારી લેવા ઝટ તૈયાર થઈ જાય છે. દા.ત. ઈમામ જાઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે "એ દરેક મોમિન યુવાન કે જે કુરઆન પઢે છે તો કુરઆન તેના લોહી–માસમાં રચી–પચી જાય છે અને ખુદાવન્દે આલમ તેને ફરિશતાઓ સાથે રાખે છે અને કયામતના દિવસે આ કુરઆન દોઝખથી તેનું રક્ષણ કરશે. ખાસ કરીને એ ઘર કે જયાંથી કુરઆન પઢવાના અવાજ આવે છે. સવાર–સાંજ પવિત્ર મન વાળા –પ્રકાશિત અંતર આત્માવાળા – કિતાબે ખુદાના મિત્ર યુવાનો જયારે કુરઆન પઢે છે ત્યારે તેઓ ખુદાની રહેમતમાં શામિલ થઈ જાય છે. તેમને કુરઆનની હિદાયત પ્રાપ્ત થાય છે. આવા ઘર કુરઆનની તિલાવતને કારણે આકાશમાંથી પ્રકાશિત દેખાય છે. ઈમામ સાદિક અ.સ. એ જ ફરમાવ્યું છે કે એ ઘર કે જેમાં કોઈ મુસલમાન વ્યક્તિ કુરઆનની તિલાવત કરે છે તે ઘર આકાશવાળાઓને એવી રીતે જ પ્રકાશિત દેખાય છે, જેવી રીતે પૃથ્વીવાસીઓને આકાશમાં તારાઓ પ્રકાશિત દેખાય છે." (ઉસૂલે કાફી ભા.૨)

કુરઆન મજીદ હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ. ઉપર નાઝિલ થયેલી એવી કિતાબ છે જે આપના મોઅજિઝાઓ પૈકી કયામત સુધી કાયમ રહેનાર મોઅજિઝો છે.

**તેથી આવો, આપણે મળીને આ મહાન કિતાબની વધારેથી વધારે માઅરેફત (પરિચય) પ્રાપ્ત કરીએ. જેથી કરીને તેની તિલાવત કરવામાં અને તેના કાયદા-કાનૂન ઉપર અમલ કરવામાં પણ મજા આવે.**


E-mail : hadimasik@yahoo.com

ઈન્શાઅલ્લાહ, કુરાનની જાણકારીનો આ સિલસિલો વહાલા મિત્રોની સેવામાં પ્રશ્નોત્તરી રૂપે સાદર કરવામાં આવશે. અમે પોતેજ આ સિલસિલામાં પ્રશ્ન કરીશું. અને તદ્દ્ન સરળ અને સાદી ભાષામાં તેના ઉત્તર આપવામાં આવશે.

આગામી અંકોમાં આ સિલસિલો વિસ્તારપૂર્વક શરૂ કરવામાં આવશે. આ વખતે એક પ્રશ્ન અને તેનો ઉત્તર સાદર કરવામાં આવે છે.

**પ્રશ્ન : કુરઆન શું છે ? અને તે કેમ નાઝિલ કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** કુરઆન અલ્લાહ તઆલા તરફથી આપણા વહાલા નબી મુહમ્મદ મુસ્તફા સ.અ.વ. ઉપર નાઝિલ કરવામાં આવેલી અંતિમ અને મહાન આસમાની કિતાબ છે. આપ સ.અ.વ. પહેલાં પણ જનાબ મૂસા. અ.સ. ઉપર તૌરૈત (યહૂદીઓનો ધર્મ ગ્રંથ), જનાબ ઈસા અ.સ. ઉપર બાઈબલ અને જનાબ દાઉદ અ.સ. ઉપર ઝબૂર નામની કિતાબો અને હઝરત આદમ અ.સ. – શીશ અ.સ., ઈબ્રાહીમ અ.સ. ઉપર આસામાની સહીફાઓ કહેવામાં આવે છે તે કિતાબો નાઝિલ થઈ ચુકી હતી. આપણા નબી સ.અ.વ. પર નાઝિલ થયેલી આ કિતાબ પોતેજ પોતાના નાઝિલ થવાના કારણને સૂરએ બની ઈસ્રાઈલ આયત ૯માં આ રીતે બ્યાન કરે છે "આ કુરઆન લોકોને બધાં કરતાં સીધા અને ખરા માર્ગનું માર્ગદર્શન કરે છે અને મોઅમેનીનમાંથી સદ્કાર્યો કરવાવાળાઓ માટે આ ખુશખબર આપનાર પુસ્તક છે. નિ:શંકપણે ખુદા તરફથી એમના માટે મહાન અજ અને સવાબ રાખવામાં આવેલ છે."

**નોંધ :- વહાલા બાળકો અને પ્રિય નવયુવાનોને આથી વિનંતી કરવામાં આવે છે કે કુરઆનની જાણકારી મેળવવાની બાબતે તેમના મનમાં કોઈ પ્રશ્ન હોય તો તરતજ અમારો સંપર્ક કરો. આગામી અંકોમાં અમે આપના નામ સાથે આપના પ્રશ્નને અમારા જવાબ સાથે પ્રસિદ્ધ કરીશું.**



# વહાલા નબી સ.અ.વ.ની વાણી

૧. મનુષ્ય જેટલો વ્યસ્ક થતો જાય છે તેટલી બે વસ્તુઓ તેનામાં યુવાન થતી જાય છે.

(૧)લોભ અને લાલચ અને (૨) અભિલાષા અને મનોકામના

૨. મારી ઉમ્મતમાં બે સમૂહો એવાં છે જે સારા થઈ જાય તો ઉમ્મત સારી થઈ જશે અને જો તેઓ ખરાબ થઈ જાય તો ઉમ્મત ખરાબ થઈ જશે.

(૧) આલિમો અને (૨) શાસકો

૩. તમો લોકો અંદરો અંદર એક બીજાની દેખરેખ રાખનારા અને જવાબદાર છો.

૪. બધા લોકોને ધન-દોલત વડે રાજી નથી કરી શકાતા પરંતુ સદ્‌વર્તન વડે બધાં લોકોને રાજી કરી શકાય છે.

૫. મનુષ્યની ગરીબી - દરિદ્રતા એક બલા છે અને શરીરનો રોગ તેનાથી મોટી બલા છે. પરંતુ મનનો રોગ તો તેનાથી પણ મોટી બલા છે.




E-mail : hadimasik@yahoo.com



## મનાઈ કરવામાં આવેલી છે તેવા કાર્યો : (મુન્કેરાત) જુલમ(અત્યાચાર) :-

ખુદાવન્દે આલમ પોતાની કિતાબ કુરઆન કરીમમાં ઈર્શાદ ફરમાવે છે કે "મન મશા ઈલા ઝાલેમે લે યુ અઈયેન હૂ-વહોવા-યઅલમો અન્નહો ઝાલેમુન - ફકદ - ખરજા મિનલ ઈસ્લામ." અર્થાત :- જે વ્યક્તિ અત્યાચારીની મદદગારી માટે તૈયાર થાય તો તેણે ગણી લેવું જોઈએ કે તે પોતે પણ અત્યાચારી છે અને તે ઈસ્લામથી ખારિજ થઈ ગયેલ" અને આપ સ.અ.વ.થી એવી પણ રિવાયત છે કે "શર્રુન નાસે મન બાઆ આખેરતહૂ" અર્થાત :- "લોકોમાં સૌથી વધારે ખરાબ એ વ્યક્તિ છે જે પોતાની આખરેતને દુન્યાના બદલામાં વેચી દે અને તેનાથી પણ ખરાબ એ વ્યક્તિ છે જે પોતાની આખેરત બીજાઓની દુન્યા માટે વેચી દે" ઈમામ જાઅફરે સાદિક અ.સ. થી રિવાયત છે કે "અત્યાચાર કરનાર, તેને સાથ અને સહકાર આપનાર અને તેના આ કાર્યને સ્વીકૃતિ આપનાર - ત્રણે અત્યાચારના ભાગીદાર ગણાશે અને આપનાથી જ એવી પણ એક રિવાયત છે કે જે કોઈ અન્ય અત્યાચારીના જુલમના કારણો વર્ણવશે (એટલે કે અત્યાચારને સાચો ઠેરવવા પ્રયત્ન કરશે) તો ખુદાવન્દે આલમ તેને એવી વ્યક્તિને સોંપી દેશે જે તેના ઉપર જ અત્યાચાર કરશે અને તે દુઆ કરશે તો તેની દુઆ પણ કબુલ નહીં થાય." આપે પોતાના સાથીઓ (અસહાબ)ને શિખામણ કરતા ફરમાવ્યું કે કોઈ અત્યાચાર પીડિત મુસલમાન વિરુદ્ધ મદદગારી કરવાથી દૂર રહો કેમકે તે તમારા વિરુદ્ધ દુઆ કરશે તો તમારા બાબતની તેની દુઆ કબૂલ થશે. કેમકે અમારા દાદા - રસૂલુલ્લાહ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે નિઃશંકપણે અત્યાચાર પીડીત મુસલમાનની દુઆ કબુલ થાય છે. આપ અ.સ.થી જ એવી રિવાયત પણ છે કે 'જે કોઈએ કોઈ મોમિનના કત્લ અંગે અડધા વાક્યથી પણ મદદ કરી હશે તો કયામતના દિવસે તેની આંખો સામે એક લખાણ આવશે. 'અયેસા-મિન - રહમતિલ્લાહ" હે વ્યક્તિ ! તું અલ્લાહની રહેમતથી નિરાશ થઈ જા. (કેમકે તને અલ્લાહની રહેમત મળશે નહીં)

# ઈસ્લામના આલિમો

## જનાબ સેકતુલ ઈસ્લામ કુલેયની (રહે.)

આપનો જન્મ હઝરત ઈમામ હસને અસ્કરી અ.સ.ના યુગમાં થયો હતો અને ગયબતે સુગરાના ઈમામ ઝમાના અને શીઆઓની વચ્ચે જે સેતુ સમાન હતા તે ઈમામે ઝમાના અજ.ના ચાર ખાસ પ્રતિનિધિઓના તેઓ સમકાલીન હતા. આ ચારેય ખાસ નવાબ શીઆઓના હદીસ અને ફિકહ (ઈસ્લામી ધર્મશાસ્ત્ર)ના મહાન વિદ્વાનો હતા અને અહલેબૈત અ.સ.ના ના શીઆઓ તેમની ચારેયની મહાનતા સ્વીકારતા હતા તેમ છતાંયે શયખ કુલેયની એવા મહાન વ્યક્તિત્વના માલિક હતાં કે તે યુગમાં શીઆ અને સુન્ની બંને વર્ગોમાં તે ઘણી આદરણીય વ્યક્તિ હતા અને તેમણે ખુલ્લી રીતે (જાહેરમાં) “મઝહબે હક્ક” અને અહલેબૈત અ.સ. ના ફઝાઈલના પ્રચાર પ્રસારની ધૂરા સંભાળેલી હતી.

દરેક વર્ગના લોકો તેમના સત્યવકતાપણાં અને સદ્ચારિત્ર્ય અને હદીસો અને રિવાયતોના તેમના અથાગ જ્ઞાનના એટલા બધાં પ્રશંસકો હતા કે શીઆ અને સુન્ની બંને ફતવા લેવા માટે આપનો સંપર્ક કરતા હતાં અને આ બાબતમાં તેઓ શીઆ અને સુન્ની બંને પક્ષોમાં ખુબજ આધારભૂત અને ભરોસાપાત્ર વ્યક્તિ હતાં તેથીજ આપને “સકતુલ ઈસ્લામ”નો લકબ આપવામાં આવ્યો હતો.

ઈસ્લામી ચિંતકો અને વિદ્વાનોમાં આપ પ્રથમ વ્યક્તિ હતા જેમને આ નામ (લકબ)થી સંબોધવામાં આવ્યા અને ખરેખર પણ તેઓ આ


E-mail : hadimasik@yahoo.com

મહાન લકબને લાયક હતાં. એક સર્વશરતો ઉપર ખરો ઉતરનાર હદીસના વિદ્વાન માટેની જે શરતો છે તેમાં અદ્વિતીય હતા અને અલ્લામા મુહમ્મદ તકી મજલિસીના કથન પ્રમાણે "તેઓ (કુલેયની) આપણાં તમામ વિદ્વાનોમાં અને જેમણે તેમની પાસેથી રિવાયતો નકલ કરી છે તે લોકોમાં અને પોતાના પુસ્તક 'અલફાકી'ની ગોઠવણીમાં અદ્વિતીય અને અજોડ હતાં."અને આ બધાં ગુણ એ બાબતની સાક્ષી પુરે છે કે ખુદાવન્દે આલમની તેમના ઉપર ખાસ કૃપા હતી.

**વફાત અને તેમનું દફન સ્થળ :-** વિદ્યાઓના પ્રિય પાત્ર - શીઆ અને બગદાદના તમામ વિદ્વાનો માટે ગર્વને પાત્ર - હદીસના એક અત્યંત પ્રખર વિદ્વાન - અહલેબૈયતે ઈસમતો તહારતની વિચારણીની રોનક, શાન-સકતુલ ઈસ્લામ શયખ કુલેયની પુસ્તકો લખવા અને પુસ્તકોના સંપાદનમાં અનેક કષ્ટ અને મુશ્કેલીઓ વેઠયા પછી છેવટે ઈમામ ઝમાના અજ.ની ગયબતે કુબરાના પ્રારંભના વરસમાં એટલે કે હિજરી સન ૩૨૮ અથવા ૩૨૯માં આ નશ્વર જગતનો ત્યાગ કરીને તેમની મહાન આત્મા જન્નતુલ ફિરદૌસ તરફ પ્રયાણ કરી ગઈ. આપની શાશ્વતકાલિન આરામગૃહ આજે પણ ટાઈગ્રીસ નદીના જુના પુલ પાસે ખુબજ પ્રસિદ્ધ છે અને મુસલમાનો માટે ઝિયારતનું સ્થળ છે.



# માહે મોહર્રમુલ હરામના આઅમાલ

મોહર્રમનો મહીનો અહલેબૈત અ.સ. અને તેમના અનુયાયીઓ માટે શોક અને દુઃખનો મહીનો છે. આ માસના કેટલાંક આઅમાલ આ પ્રમાણે છે.

## મોહર્રમની પ્રથમ રાત્રિ :-

બે રકઅત નમાઝ : તેની દરેક રકઅતમાં "અલહમ્દો"ના સૂરા પછી અગ્યાર વખત સૂરએ તવહીદ (કુલ્હોવલ્લાહોનો સૂરો) પઢે.

રિવાયતમાં આવ્યું છે કે જે વ્યક્તિ આ રાત્રીએ આ વર્ણવેલ રીતે બે રકઅત નમાઝ અદા કરે અને તેની સવારે કે જે વરસનો પ્રથમ દિવસ પણ છે તે દિવસે રોઝો રાખે તો તે એવા વ્યક્તિ જેવો હશે જે આખું વરસ સારા આઅમાલ કરતો





રહ્યો હોય. તે વ્યક્તિ એ વરસે (તમામ રીતે) સ્વરક્ષિત રહેશે. અને (તે વરસમાં) તે મૃત્યુ પામે તો તે જન્નતમાં જશે. સૈયદ ઈબ્ને તાઉસ એ મોહર્રમનો ચાંદ જોઈને પઢવાની એક લાંબી દુઆ પણ વર્ણવી છે.

**મોહર્રમનો પહેલો દિવસ :-** શયખ તૂસીએ ફરમાવ્યું છે કે મોહર્રમના પ્રથમ નવ દિવસોએ રોઝા રાખવા મુસ્તહબ છે. પરંતુ આશૂરાના દિવસે અસરના સમય સુધી કાંઈ ખાવું પીવું જોઈએ નહીં અને અસરના સમયે થોડીક "ખાકેશિફા" ખાઈ લેવી. સૈયદ ઈબ્ને તાઉસએ મોહર્રમના આખા માસના રોઝા રાખવાની ફઝીલત જણાવી છે. અને ફરમાવ્યું છે કે આ મહીનાના રોઝા રાખવાથી માણસ દરેક ગુનાહથી દૂર રહે છે. પરંતુ આશૂરાના દિવસે રોઝો રાખવો જોઈએ નહીં કેમકે તે દિવસનો રોઝો "મકરૂહ" છે અને કેટલાંકે તેને હરામ કહ્યું છે.







## મોહર્રમનો દસમો દિવસ :- (આશૂરાનો દિવસ)

ઈમામ અલી અ.સ.ના માનવાવાળાઓ અને આપના અનુયાયીઓએ આ દિવસે કોઈ દુન્યવી કામ કરવા જોઈએ નહીં અને તે દિવસે આજીવિકા રળવાનું કોઈ કાર્ય પણ કરવું જોઈએ નહીં. પરંતુ નવહા - માતમ અને રડવામાંજ પરોવાએલાં રહેવું જોઈએ. ઈમામ હુસૈન અ.સ.ની મજલિસો કરવી જોઈએ અને એવી રીતે માતમ કરવું જોઈએ કે જે રીતે પોતાની કોઈ અત્યંત વહાલી વ્યક્તિના મૃત્યુ ઉપર માતમ કરતાં હોય અને આજના દિવસે ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારતે આશૂરા પઢવી જોઈએ અને આપના કાતિલો ઉપર ખૂબ-ખૂબ લાનત કરવી જોઈએ અને ઈમામ હુસૈન અ.સ.ની મુસીબતો અંગે એક-બીજાને આ શબ્દોમાં સાંત્વના આપવી જોઈએ. "આઅઝમલ્લાહો - ઉજુરના - બે મુસાબેના - બિલ - હુસૈને અલ્યહિસ્સલામ- વ - જઅલના - ઇયાહુમ- મિનત્તાલેબીના બેસારેહી - મઆ વલીયેહિલ ઈમામલ મહદી - મિન આલે મુહમ્મદ અલયહિસ્સલામ."

અનુવાદ :- અમે ઈમામ હુસૈન અ.સ.નો શોક કરીએ છીએ તેના અમારા અજ. અને સવાબમાં અલ્લાહ વધારો કરે - અને અમારા વલી ઈમામ મહદી (અજ.) કે જે આલે મુહમ્મદ અ.સ. પૈકી છે. તેમની સાથે અમારી (પણ) ઈમામ હુસૈન અ.સ.ના ખૂનનો બદલો લેવાવાળાઓમાં ગણત્રી કરે.



# અલ્લાહના દરવાજા




**રસૂલે અકરમ સ.અ.વ. :-** અમે અલ્લાહના દરવાજાઓ છીએ કે જેના વડે અલ્લાહ સુધી પહોંચી શકાય છે અને અમારા થકી જ માર્ગદર્શન વાંચ્છુઓ માર્ગદર્શન (હિદાયત) મેળવે છે (ફઝાએલુશ્શીઆ–ભા–૭ પાના નં. –૫૦ તાવીલુ–લ–આયાતુલ ઝાહેરા પાના નં. ૪૯૮–અબૂસઈદ હદરીકૃત)

**ઈમામ અલી અ.સ. :-** અમો જ દીનની નિશાનીઓ અને સાથીઓ છીએ અને અમેજ વિદ્યા–જ્ઞાનના ખજાનાઓ અને દરવાજાઓ છીએ. અને ઘરમાં કોઈ બારણાં સિવાય બીજા કોઈ માર્ગે દાખલ નથી થતો અને જે (કોઈ ઘરમાં – બારણાં સિવાય) બીજા માર્ગે દાખલ થાય તે ચોર ગણાય છે. (નહજુલ બલાગાહ – ખુત્બો – ૧૫૪)

**ઈમામ અલી અ.સ. :-** પરવરદિગાર જો ધારત તો તે બંદાઓને સીધેસીધી પણ પોતાની માઅરેફત (ઓળખ) આપી શકતો હતો. પરંતુ તેણે અમને તેની માઅરેફતના દરવાજા અને માર્ગ બનાવ્યાં છે અને અમોજ સત્ય પારખુ ચહેરા છીએ જેનાથી તેને ઓળખી શકાય છે. તેથી જે વ્યક્તિ અમારી "વિલાયત"નો ઈન્કાર કરશે અથવા તો બીજાઓને અમારા કરતાં શ્રેષ્ઠ ગણશે તે સત્યના માર્ગથી ચલિત થઈ ગએલો હશે. યાદ રાખો – એ બધાં લોકો– જેમનાથી લોકો સંબંધ ધરાવે છે તેઓ (તમામ) એક જેવા નથી હોતા. કેટલાંક ગંદા પાણી જેવા હોય છે જે બીજાઓને પણ ગંદા કરી દે છે. અને અમો તો તદ્દન નિર્મળ – સ્વચ્છ ઝરણાંઓ છીએ જે ખુદાના વાદળો (ના પાણી) માંથી વહેતાં થયાં છીએ અને તેમના નાશ પામવાની કે સુકાઈ જવાની કોઈ શક્યતા જ નથી. (કાફી – ભા.૧ પાના નં. ૧૮૪ – મુખ્તસરે–બસાએ રૂદ્દૂદરજાત – પાના નં. ૫૫ – તફસીરે ફુરાત ફૂકી પાના નં. ૧૪૨)

**ઈમામ સાદિક અ.સ.:-** પયગમ્બર સ.અ.વ.ના અવસિયા એ દરવાજા છે જેમના વડે સત્ય સુધી (અલ્લાહ સુધી) પહોંચી શકાય છે. આ મહાનુભાવો ન હોત તો કોઈ ખુદાને જાણતો ન હોત. પરવરદિગાર એ એમના થકી જ લોકો ઉપર પોતાની "હુજ્જત" સંપૂર્ણ કરી છે. (કાફી – ભા–૧ પાના નં. ૧૯૩ – અબીબસીર કૃત)

## આવો !
## બાળકો કરબલાની ઝીયારત કરીએ

(૧) રોઝાએ ઈ. હુસૈન અ.સ.

(૨) રોઝાએ હ. અબ્બાસ અ.સ.

(૩) મકામે અલી અકબર અ.સ.

(૪) મકામે અલી અસગર અ.સ.

(૫) હ. અબ્બાસ અ.સ.નો જમણો હાથ

(૬) હ. અબ્બાસ અ.સ.નો ડાબો હાથ



# બચનુલ


(૧)


(૨)


(૩)


(૪)


(૫)


(૬)


(૭)



E-mail : hadimasik@yahoo.com

(૭) મકામે તિલ્લએ ઝયનબ સલા.

(૮) મકામે ખયામે હુસૈની

(૯) રોઝાએ ઓન ફરઝંદે ઝયનબ સલા.

(૧૦) રોઝાએ હુર અ.સ.

(૧૧) મકામે ઈ. સાદીક અ.સ.

(૧૨) નહેરે ફુરાત

(૧૩) મકામે ઈમામ મેહદી અજ.



# હરમૈન


(૧૩)


(૧૨)


(૧૧)


(૧૦)


(૮)


(૯)

# કુફ્રના થાંભલાઓ

## કલમા નં. ૩૧

કુફ્ર ચાર થાંભલાઓ ઉપર ટકેલો છે. હદથી વધારે ખણખોદ - ઝગડો કરવાની વૃત્તિ-ખોટે માર્ગે ચાલવું તે અને અંદરો અંદરનો વિરોધ. જે ખોટી રીતે ખણખોદ કરે છે તે સત્યને પ્રાપ્ત નથી કરી શકતો અને અજ્ઞાનતાને કારણે વારંવાર ઝઘડા કરતો રહે છે. તે સત્યથી હંમેશા આંધળો રહે છે. (પરિણામે) સત્યથી વિમુખ થઈ જાય છે. તે સારાપણાને ભૂંડાશ અને ભૂંડાશને સારાપણું સમજવા લાગે છે અને ગુમરાહીના નશામાં બેભાન થઈને પડ્યો રહે છે, અને જે સત્યનો વિરોધ કરે છે તેમના માટે માર્ગ ઘણો દુષ્કર હોય છે અને તેમના મામલાઓ (પરિસ્થિતિ) ઘણા સખત અને ગુંચવણ ભર્યા થઈ જાય છે અને બચી નીકળવાનો માર્ગ તેના માટે સાંકડો થઈ જાય છે. શકની પણ ચાર શાખાઓ છે. ખોટી દલીલો કરવી તે - બીક (સત્ય) થી વિમુખતા અને અસત્યની સામે ઝુકી જવું તે - તેથી જેણે પણ લડાઈ ઝઘડાને પોતાનું વર્તન બનાવી લીધું હોય તેની રાત્રીની ક્યારેય સવાર નથી પડતી અને જેને દેખીતી (સ્પષ્ટ) વસ્તુઓ પણ બીકમાં સપડાવી દે છે તે ઉંધા પગલે પાછો ફરી જાય છે અને જે શકમાં સપડાયેલો રહે છે તેને શયતાનો પોતાના પંજાઓ વડે ચુંથી નાખે છે અને જે દુન્યા અને આખેરતની તબાહીની આગળ ઝુકી જાય છે તે બંને જગતમાં (દુન્યા અને આખેરતમાં) તબાહ અને બરબાદ થઈ જાય છે.



# અણમોલ મોતી

## ગુનાહિત બોજો

અને કાફરો ઈમાન લાવનારાઓને કહે છે કે તમે અમારા માર્ગને અનુસરો અને અમે (કયામતમાં) તમારા ગુનાહોનો બોજો ઉપાડી લઈશું પરંતુ તેઓ (તમારા) ગુનાહોનો કોઈ પણ બોજો ઉપાડનારા નથી. નિઃશંકપણે તેઓ જુઠા છે.

જો કે તેઓ પોતપોતાના (ગુનાહોના) બોજા જરૂર ઉપાડશે અને પોતાના (ગુનાહોના) બોજા ઉપરાંત (લોકોને બહેકાવીને અવળે માર્ગે દોરવાના) બીજા બોજા પણ ઉચકશે અને જે-જે વાતો તેઓ ઉપજાવી કાઢતાં હતાં તેના સંબંધમાં કયામતના દિવસે જરૂર સવાલ કરવામાં આવશે. (સૂરએ-અન્કબૂત-૧૨-૧૩)

### અલ્લાહ મનની વાતો જાણે છે :-

અને લોકોમાં કેટલાંક એવા પણ છે જે (મોઢેથી તો) કહે છે કે અમે અલ્લાહ ઉપર ઈમાન લઈ આવ્યાં પરંતુ જ્યારે અલ્લાહની રાહમાં તેમને કાંઈ કષ્ટ પહોંચે છે તો તેઓ લોકો તરફથી પહોંચેલા તે કષ્ટને અલ્લાહના અઝાબ સમાન ગણે છે અને (હે રસૂલ) જ્યારે તમારા પરવરદિગાર તરફથી (તમને) કોઈ મદદ પહોંચે છે ત્યારે તે સઘળા જ આ અવશ્ય કહેશે, અમે તો તમારી સાથે જ હતાં (પરંતુ) શું અલ્લાહ દુન્યાવાળાઓના મનમાં શું છે તેનાથી માહિતગાર નથી ?

અને નિઃશંકપણે અલ્લાહ એ વાત પણ જાણે છે કે ઈમાન લઈ આવનાર કોણ છે અને મુનાફિકો કોણ છે. (સૂરએ-અન્કબૂત-૧૦-૧૧)

### અલ્લાહની કસોટી :-

શું લોકોએ એમ ધારી લીધું છે કે માત્ર એટલું કહેવાથી કે અમે ઈમાન લઈ આવ્યાં છીએ (તેથી) તેઓને છોડી મુકવામાં આવશે અને તેમની કસોટી કરવામાં નહીં આવે ?

અને નિઃશંકપણે અમોએ (તો) તેમની આગળવાળાઓની પણ કસોટી કરી છે કેમકે અલ્લાહને તો એ જાણવું છે (સાબિત કરવું છે) કે કોણ સાચા છે, કોણ જુઠાઓ છે.

જે લોકો બદીઓ કર્યા કરે છે, શું તેમણે એવું ધારી લીધું છે કે અમારાથી (અમારી સજાથી) બચી જશે ! કેવો ખરાબ (ખોટો) છે તેમનો આ નિર્ણય જે તેઓ કરી રહ્યાં છે. (સૂરએ-અન્કબૂત-૨-૪)

حسين

# અમારા પ્રશ્નો - તમારા જવાબો

પ્રશ્ન :૧ ઇમામ હુસૈન અ.સ.ના બાળપણના મિત્રનું શું નામ છે ?

(અ) હબિબ (બ) હમઝા (ક) ઝૈદ (ડ) હુર

પ્રશ્ન :૨ મોહર્રમ મહિનાના પહેલા નવ (૯) દિવસના રોઝા રાખવાનો શું હુકમ છે ?

(અ) વાજીબ (બ) મુસ્તહબ (ક) હરામ (ડ) મકરુહ

પ્રશ્ન :૩ કયામતના દિવસે કોના ઉપર રડવાવાળી આંખો નહિં રડે ?

(અ) દુનિયા (બ) માલ (ક) ગમે હુસૈન અ.સ. (ડ) ઔલાદ

પ્રશ્ન :૪ ઈમામ હુસૈન અ.સ. કયાં શહીદ થયા હતાં ?

(અ) કુફા (બ) કરબલા (ક) મદીના (ડ) નજફ

પ્રશ્ન :૫ ઈમામ હુસૈન અ.સ.ના હાથો ઉપર આપના કયા પુત્ર શહિદ થયાં હતાં ?

(અ) અબદુલ્લા (બ) અકબર (ક) અલી અસગર (ડ)કાસિમ

પ્રશ્ન :૬ આશુરાના દિવસે કયા આમાલ મુસ્તહબ છે ?

(અ) માતમ (બ) મજાલિસ (ક) ઝિયારત (ડ) બધા સાચાં

પ્રશ્ન :૭ જનાબે અબ્બાસ અ.સ.નો સાચો લકબ કયો છે ?

(અ) અબુલ ફઝલ (બ) સકકાએ હરમ (ક) શેરે અલી અ.સ. (ડ) બધા સાચાં

પ્રશ્ન :૮ ઈમામ હુસૈન અ.સ.ની કેટલી બેહનો કરબલામાં હતી ?

(અ) ૧ (બ) ૨ (ક) ૪ (ડ) બધા ખોટા

પ્રશ્ન :૯ ઈમામ હુસૈન અ.સ. કયા સનમાં શહીદ થયાં હતાં ?

(અ) ૬૧ હિજરી (બ) ૬૨ હિજરી (ક) ૧૦૦ હિજરી (ડ) ૧૪ હિજરી

પ્રશ્ન :૧૦ ઈમામ હુસૈન અ.સ.નો કાતીલ કોણ હતો ?

(અ) શિમ્ર (બ) ખુલિ (સ) ઝિયાદ (દ) હુરમલા



E-mail : hadimasik@yahoo.com



# બહેનોનો ખુણો

## દીકરીઓનું શિક્ષણ - પ્રશિક્ષણ

જનાબ રસૂલે ખુદા સ.અ.વ. છોકરીઓના ઉછેર અને શિક્ષણ – પ્રશિક્ષણ વિશે ફરમાવે છે કે :– **"મન કાના લહૂ બિન્તુન-ફ-અદ્દબહા-વ-અહસના અદ્બહા-વ-ગિઝાહા - હ - અહસના ગિઝા અહા - વસબગઅલ્યહા - મિન નેઅમિલ્લતી અસબગલ્લા હોઅલ્યહા - કાનત લહૂ મયમનતુન - વ - મયસરતુન - મિનન્નારે ઈલલ જન્નતા"**

અર્થાત : જેને દીકરી હોય અને તે જો તેને શિક્ષણ – પ્રશિક્ષણ આપે – તેને સદ્કાર્યો શીખવે – તેને ખવડાવે અને તેના ખોરાકમાં સારી વસ્તુઓનું ધ્યાન રાખે – અને ખુદાએ તેને જે નેઅમતો આપી છે તે નેઅમતોને તે દીકરી માટે ખર્ચ કરવામાં ઓછપ ન રાખે તો તેવી વ્યક્તિ જમણે અને ડાબે બંને બાજુએથી દોઝખની આગથી બચીને જન્નતમાં જશે.

એક ડહાપણ ભરી કહેવત છે કે "સમાજ માતાઓની મહેનતોનું પરિણામ છે કેમકે માતા કુટુંબની સભ્ય હોય છે અને કુટુંબો મળીને પૂરો સમાજ બનાવે છે."

અને જ્યારે આજની દીકરી આવતીકાલની ઈતિહાસ સર્જક માતા છે તે સંજોગોમાં આ એક અતિ મહત્વના સમુહને અણદેખ્યો કેવી રીતે કરી શકાય અને તેમના શિક્ષણ – પ્રશિક્ષણ અને ઉછેરમાં કોઈ પ્રયાસ ન કરવામાં આવે, આ કારણે જ પયગમ્બરે ખુદા સ.અ.વ. ફરમાવે છે કે :– **'ખયરો અવલાદે કુમુલ બનાત'** અર્થાત :– તમારી સર્વશ્રેષ્ઠ અવલાદ દીકરીઓ છે.

અને જગતમાં છોકરીઓની સંખ્યા છોકરાઓ કરતાં વધારે છે તેથી જો તેમના શિક્ષણ – પ્રશિક્ષણમાં આળસ કરવામાં આવે તો સમાજ પોતાની અડધી કરતાં વધારે શક્તિમાં નુકશાનમાં રહેશે. તેથી વડીલો માટે જરૂરી છે કે છોકરીઓના મૂળભૂત અધિકારને ધ્યાનમાં રાખીને તેમની કુદરતી શક્તિઓ ખિલવવા અને તેમના વ્યક્તિત્વની પ્રગતિ માટે પ્રયાસ કરે, જેથી આપણી વચ્ચે એક મહાન સમાજ – પ્રકાશિત ભવિષ્ય ધરાવતો સમાજ અસ્તિત્વમાં આવે.



અને કરબલાના પ્રસંગોનું અધ્યયન કરવામાં આવે તો ત્યાં પણ દીકરીઓ અને સન્નારીઓની શ્રેષ્ઠ ભાગીદારી દ્રષ્ટિગોચર થાય છે. તેથી આપણે "ફાતેમા" અને "ઝયનબી" ચારિત્ર્યમાંથી બોધ લઈને આપણી દીકરીઓને તેમના બાળપણથી જ દીની અને દુન્યવી શિક્ષણ અને અન્ય બાબતોમાં પણ સર્વશ્રેષ્ઠ રીતે પ્રશિક્ષિત કરવી જોઈએ.

# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.



**બદામી શબ્બીરઅલી મહેબુબઅલી**
પ્રિન્સ પેલેસ, ખાના ખોજાની મસ્જીદ સામે, રાજુલા.



**મુન્તઝીર મુસ્તાક માસ્તર**
મુન્દ્રા (કચ્છ)




**સુમબુલ ફાતેમા મુસ્તાકઅલી**
મુન્દ્રા (કચ્છ)



# ઈમામ હુસૈન અ.સ.નો મિત્ર



એક દિવસ આપ સ.અ.વ. મદીનાના એક માર્ગ ઉપરથી પસાર થઈ રહ્યાં હતાં. માર્ગમાં કેટલાક બાળકો રમતાં હતાં. બાળકોને રમતાં જોઈને આપ સ.અ.વ. થોડીકવાર ત્યાં રોકાઈ ગયાં અને એક બાળક પાસે જઈને તેને પોતાની પાસે લઈ લીધો અને તેની સાથે પ્રેમાળ વર્તન કરવા લાગ્યાં અને તેને ચુમવા લાગ્યા.

કેટલાંક સાથીઓએ આપ સ.અ.વ.ને પુછ્યું કે "અમારા માલિક અને મૌલા ! આ બાળક કોણ છે કે જેની સાથે આપ સ.અ.વ. એ આવો પ્રેમાળ વર્તાવ કર્યો ? અહિંયા બીજા બાળકો પણ હતાં તેમની સાથે આવો વર્તાવ ન કરવાનું કારણ શું છે ? " આપ સ.અ.વ. એ ફરમાવ્યું : 'એક દિવસે મેં આ બાળકને મારા હુસૈન અ.સ. સાથે રમતાં જોયો હતો. આ બાળક નાનો છે તે છતાં તે મારા હુસૈન અ.સ.ના પગ તળેની માટી ઉપાડીને પોતાના મોઢે અને આંખો ઉપર લગાડતો હતો. હું તે દિવસથી જ આ બાળકને વહાલ કરૂં છું. એટલા માટે કે આ પણ મારા હુસૈન અ.સ.નો સાચો મિત્ર છે. હું કયામતના દિવસે આ બાળક અને તેના માતા-પિતાની શફાઅત (ગુનાહોની માફીની અલ્લાહને અરજ) કરીશ અને તેમને માન-મરતબો અપાવીશ અને મને જિબ્રઈલ અ.સ.એ એવી વાત પણ જણાવી છે કે આ બાળક કરબલામાં મારા હુસૈન અ.સ.ને મદદ કરવાવાળાઓમાં હશે. તે મારા હુસૈનને મિત્ર રાખે છે અને તેમનો આદર કરે છે તે કારણે હું પણ આ બાળકને વહાલો ગણું છું અને આદરને પાત્ર ગણું છું."



# આર્ટ ગેલેરી



વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં આપેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.

وَأْمُرْ أَهْلَكَ بِالصَّلٰوةِ

આપના પરિવારને નમાઝનો હુકમ આપો





E-mail : hadimasik@yahoo.com

# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**


હાદી
માસિક
"સલામુન અલયકુમ"
સલામ બાદ જણાવાનુ કે મને આપનું હાદી માસિક ખુબ જ ગમ્યું મને વાંચવા ની મજા આવી છે. અને ઘણું જાણું જાણવા મળે છે. હાદી માસિકમાં આવતી. ઇસ્લામના ઇતિહાસની વાતો ખુબજ ગમે છે.
હું દુઆ કરુ છું કે આ હાદી માસિક દરેક શીયાઓ નાં ઘરમાં આવે અને દરેક શીયા ભાઇઓ તથા બહેનો અને બચ્ચાઓ હાદી માસિક નો લાભ ઉઠાવે
હદીસ :- સત્યથી અગર નુકશાન થાય અને અસત્યથી ફાયદો મળે તો પણ દરેક વખતે સત્ય ઉત્તમ છે.
(હ. અલી) (અ.સ.)
નામ - દામાણી હસીન અબ્બાસ અસગર અલી
સરનામું જયહિન્દ નગર ની બાજુમાં (ગામ (ભુજ, કચ્છ)
ઉંમર - ૧૦

**દામાણી હસીન અબ્બાસ અસગરઅલી**
જયહિન્દનગરની બાજુમાં, ગામ – ભૂજ (કચ્છ)



**ભીમાણી હસનૈન અખ્તરઅલી**
મહેન્દ્રપરા, શેરી નં–૧૧, મોરબી.


પત્રાવલી
સલામુન અલયકુમ
સલામ બાદ જણાવવાનુ કે, અમારે ત્યાં આવતી 'હાદી માસીક' માંથી અમને અખ્લાક ભરી વાતો, અને હદીસ ની વાતો, શૈતાન નુ કિરદાર કુરઆન ના સુરા વિશે માહિતિ મળી હતી.
આ 'હાદી માસિક'માં નાના અને મોટાઓની શીકસ, હાદી ની વાર્તા અને દુન્યવી અને કયામત માં કામ આવે તેવી વાતો પણ આ 'હાદી માસિક' માંથી વાચવા મળી છે.
આ હાદી માસિક માં આવતા બાળકોની માહિતી તથા પત્રાવલી અને આઈ ગેલેરીમાં રંગ પુરવાની ખુબજ મજા આવે છે.
આ હાદી માસિક નીકળ્યા કયામત સુધી શરૂ રહે. અને તેના મેમ્બરોને અલ્લાહ લાંબુ જીવન અતા કરે.
– ઇ આમીન.
YA Abbas -> YA sakina.
જમાણી મહંમદ મિસમ રઝા બી.
ગામ: રાજુલા ઠે.- હાજીનાજી બોર્ડીંગ
ખોજા શિયા મસ્જીદ પાસે, ભાવનગર.

**જમાણી મહંમદ મિસમરઝા બી.**
હાજીનાજી બોર્ડીંગ, ખોજા શિયા મસ્જીદ પાસે,
રાજુલા, ભાવનગર.



**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.




# રડવાવાળી આંખ

**કાલા રસુલુલ્લાહે સ.અ.વ. “ યા ફાતેમતો ! કુલ્લો અયનિન બાકેયાહ યવમલ કયામતે - ઈલ્લા અયનિન બકતા અલા મુસાબિલ હુસૈન (અ.સ.) ફઈન્નહા ઝાહેકતન મુસ્તબશેરતન બેનેઅમિલ જન્નાહ.”**

પયગમ્બર ઈસ્લામ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે હે મારી વહાલી (દીકરી) ફાતેમા ! જે આંખોએ હુસૈન (અ.સ.)ની મુસીબતો અને તેમના શોકમાં આંસુ વહાવ્યા હોય તે સિવાયની દરેક આંખ કયામતના દિવસે રડતી હશે. એ આંખો (કે જેણે હુસૈન સ.અ.વ.ની મુસીબતો ઉપર આંસુ વહાવ્યા હોય તે) કયામતના દિવસે ખિલેલી હશે અને તેને નેઅમતોથી ભરપૂર જન્નતની વધામણી આપવામાં આવશે.

(બિહારૂલ અનવાર : ભા. ૪૪ પાના નં. ૨૯૩)


E-mail : hadimasik@yahoo.com




## આશૂરા - શોક મનાવવાનો - પ્રદર્શિત કરવાનો - દિવસ

**કાલર્રિઝા : - મન કાના યવમો આશૂરા - યવમા - મુસીબતે હી - વ - હુઝને હી - વ - બુકાએહી - જઅલલ્લાહો અઝઝા-વ-જલ્લા-યવમલ કયામતે - યવમા - ફરહેહી - વ - સુરૂરેહી.**

ઈમામ રિઝા અ.સ. એ ફરમાવ્યું છે કે : “જે વ્યક્તિ આશૂરાના દિવસને પોતાના માટે મુસીબતોનો - શોકનો અને રૂદનનો દિવસ બનાવી લેશે ખુદાવન્દે આલમ કયામતના દિવસે તેને માટે પ્રસન્નતા અને ખુશાલીનો દિવસ બનાવી દેશે.”

(બિહારૂલ અનવાર ભા. ૪૪ પાના નં. ૨૮૪)

## પ્રશંસા અને મરસિયો (શોક કાવ્ય)

**કાલસ્સાદિક અ.સ. “અલ્હમ્દો લિલ્લાહિલ્લઝી-જઅલા-ફિનનાસે-મયં-યફેદો ઈલૈના-વ-ય-મદહના-વ-યુરસાલના.”**

ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે : ખુદાનો ખૂબ-ખૂબ આભાર કે તેણે લોકોમાં એવા લોકો રાખ્યાં છે જે અમારી તરફ આવે છે અમારી પ્રશંસા કરે છે અને અમારા વિશે મરસિયા પઢે છે.




# હસનૈન અ.સ.નું લખાણ

રુમના સમ્રાટનો એક પ્રતિનીધિ મદીનામાં આવેલો હતો. તેણે એવું બ્યાન કર્યુ છે કે "એક દિવસ હું નબી સ.અ.વ.ની મસ્જિદમાં મોજુદ હતો કે એટલામાં જનાબ હસનૈન અ.સ. પોતાના નાના રસૂલ સ.અ.વ. પાસે આવ્યાં અને કહ્યું કે : 'હે મહાન નાના ! આજે અમે બંનેએ કુશ્તીનો મુકાબલો કર્યો હતો પરંતુ અમો બંનેમાંથી કોઈ જીત્યો નથી, તેથી હવે આપ જ એ બાબતનો ફેંસલો કરી આપો કે અમારા બંનેમાંથી વધુ શક્તિશાળી કોણ છે ? આપ સ.અ.વ. એ ફરમાવ્યું : હે મારા વહાલાઓ ! જાઓ, અને બંને કેટલીક લીટીઓ લખી લાવો. તે લખાણ જોઈને શ્રેષ્ઠતાનો ફેંસલો થઈ જશે. ફુલ જેવા બંને નવાસા તરત ચાલ્યા ગયા અને થોડીક વારમાં જ બંને પોતપોતાના જુદા-જુદા લખાણ લઈને આવ્યા અને આપ સ.અ.વ. સમક્ષ મૂકી દીધાં. આપ સ.અ.વ. તે બંને લખાણોને થોડીકવાર સુધી જોતાં રહ્યાં પરંતુ બંનેમાંથી કોઈને પણ નારાજ ન કરવા માટે કોઈની પણ તરફેણમાં ચુકાદો આપ્યો નહીં અને ફરમાવ્યું : "જાઓ - પોતાના બાબા અલી અ.સ. પાસે જાઓ, તેમની પાસે ફેંસલો કરાવો ! બંને શાહઝાદા પોતાના બાબા હઝરત અલી અ.સ. પાસે દોડી ગયા. નબીયે કરીમ સ.અ.વ. એ સાથે જનાબ સલમાન ફારસીને પણ મોકલ્યા કે જેથી કરીને આ બાબતનો શો અંત આવે છે તે જાણી શકે. પછી મેં સલમાન પાસેથી જાણ્યું કે અલી


E-mail : hadimasik@yahoo.com



અ.સ.એ કેવી રીતે ફેંસલો કર્યો. ત્યારે તેમણે મને જણાવ્યું કે, અલી અ.સ. એ પણ થોડીકવાર સુધી બંને શાહઝાદાના લખાણને જોઈને કહ્યું : જાઓ ! પોતાની અમ્મા ફાતેમા સલા. પાસે જાઓ. તે બંને શાહઝાદાઓ પોતાની માતા પાસે આવ્યા. માતાએ બંને ભુલકાઓનું લખાણ જોયું તો ખુશ થઈ ગયાં. પરંતુ જ્યારે ફેંસલો કરવાની વાત આવી તો ચિંતામાં પડી ગયાં. છેવટે ફરમાવ્યું : "મારા વહાલા ભુલકાઓ ! હું મારા ગળાની મોતીઓની માળાના મોતીઓ તોડીને તમારા બંનેના માથે નાંખું છું. તમારામાંથી જે વધારે મોતી વીણી લેશે તેનું લખાણ વધારે સુંદર હશે. ફાતેમા સલા. એ પોતાના ગળાની માળાના મોતીઓ તોડીને તે બંનેના માથે નાંખ્યા તો તરતજ તે બંને મોતીઓ વીણવા લાગ્યા. છેવટે જ્યારે બંને શાહઝાદાઓએ વીણેલાં મોતી ગણવામાં આવ્યા તો બંનેના મોતી સરખા નીકળ્યા." આમ આ બાબતનો ફેંસલો થઈ ગયો.

(હિકાયત હાએ-શનીદની - ભા-૧-પા. ૪૪)

એક બીજી રિવાયતમાં એવું પણ છે કે જ્યારે બંને શાહઝાદાઓએ મોતી વીણી લીધાં તો છેવટે એક મોતી બચી ગયેલ હતું. તે એક મોતી લઈ લેવા બંને ભૂલકાઓ એ ખુબ મહેનત કરી. ખુદાવન્દે આલમે આ દ્રશ્ય જોઈને બંનેમાંથી કોઈ નિરાશ ન થઈ જાય તે માટે જિબ્રઈલ અ.સ. ને મોકલ્યા. જિબ્રઈલ અ.સ. આવ્યાં અને તેમણે પોતાના પંખ વડે તે મોતીના બે ટુકડા કરી દીધાં. બંનેએ એક-એક ટુકડો ઉપાડી લીધો. આમ બંનેના ભાગે સરખા મોતી આવ્યાં તેથી બંનેની બરાબરી જાહેર કરવામાં આવી.

# તાઅઝીયત

"હાદી" માસિકના કાર્યકર્તાઓ તરફથી તમામ અઝાદારોને
અય્યામે અઝાએ શહીદાને કરબલામાં
તાઅઝીયત પાઠવીએ છીએ.

السلام على الحسين وعلى علي بن الحسين
وعلى اولاد الحسين وعلى اصحاب الحسين



# સાચા જવાબો

પ્રશ્ન-૧ ઇમામ અલી અ.સ. અને ફાતેમા ઝહરા સલા.નો મુબારક અકદ (લગ્ન) કઇ સનમાં થયો હતો ?
(અ) ૨ હિજરી

પ્રશ્ન-૨ અર્શે ઇલાહી ઉપર અલી અ.સ. અને ફાતેમા સલા.ના અકદ (લગ્ન)ના સાક્ષી કોણ બન્યાં હતા ?
(બ) હામેલાને અર્શ

પ્રશ્ન-3 અકદે ફાતેમા સલા.ના પ્રસંગે દેખીતી રીતે ઉંટની લગામ કોણે પકડી હતી ?
(ક) સલમાન ફારસી

પ્રશ્ન-૪ ઇમામ મુહમ્મદ બાકિર અ.સ.ની શહાદત કયા દિવસે થઇ હતી ?
(અ) ૭-ઝુલહજ સને ૧૧૪ હિજરી

પ્રશ્ન-૫ આપ સ.અ.વ.એ કયા દિવસે પોતાની મસ્જિદમાંથી હઝરત અલી અ.સ. સિવાય તમામ લોકોના બારણા બંધ કરાવી દીધાં હતાં ?
(ડ) અરફાના દિવસે

પ્રશ્ન-૬ ઇમામ હુસૈન અ.સ.એ કયા દિવસે મક્કાને છોડયું હતું ?
(ક) અરફાના દિવસે

પ્રશ્ન-૭ ઇમામ હુસૈન અ.સ.એ કુફામાં કોને પોતાના પ્રતિનિધિ બનાવીને મોકલ્યાં હતાં?
(બ) જનાબ મુસ્લિમ અ.સ.

પ્રશ્ન-૮ નબી સ.અ.વ.એ પોતાના અંતિમ હજ પછી ઇમામ અલી અ.સ.ને કયા સ્થળે મૌલા બનાવ્યાં હતાં ?
(અ) ગદીરે ખુમમાં

પ્રશ્ન-૯ ગદીરના દિવસે કયા મહાન બનાવો બન્યાં હતાં ?
(ડ) તમામ ખરાં

પ્રશ્ન-૧૦ ખુદાવન્દે આલમે કઇ બાબતનો ઇન્કાર કરવાવાળાને પોતે કદી માફ નહીં કરે તેવી ઘોષણાં નબી સ.અ.વ.એ ગદીરના મેદાનમાં કરી હતી ?
(ક) હઝરત અલી અ.સ.ની વિલાયત

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૬૯૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ, જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.




# HADI MASIK

**: Publishers :**

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
**E-mail : hadimasik@yahoo.com**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


